# સિંહ-ઝરદારી વચ્ચે વિસ્તૃત ચર્ચા : આતંકવાદનો મુદ્દો છવાયો

નવી દિલ્હી,તા. ૭

વડાપ્રધાન મનમોહનસિંહે આજે પાકિસ્તાનના પ્રમુખ આસિફ અલી ઝરદારી સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. આ વાતચીત દરમિયાન ધારણા પ્રમાણે જ મુંબઈના ભીષણ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ રહેલા હફીઝ સઈદનો મુદ્દો ઉઠ્યો હતો. વડાપ્રધાન મનમોહનસિંહે સઈદ સામે કાર્યવાહી કરવા સાફ શબ્દોમાં ઝરદારીને કહ્યુ હતુ. દ્વિપક્ષીય સંબંધોમાં આગળ વધવા માટે પાકિસ્તાન ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરે તે જરૂરી છે તેમ સિંહે કહ્યુ હતુ. હાફીઝ સઈદ અને મુંબઈના આતંકવાદી હુમલામાં સામેલ અન્ય કાવતરાખોરની સામે કાર્યવાહી કરવા ઝરદારીને અપીલ કરવામાં આવી હતી. વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન રેસકોર્સ રોડ નિવાસસ્થાને બંને નેતાઓની આ મીટિંગ યોજાઈ હતી. આ મીટિંગમાં અન્ય કોઈ સભ્યો ઉપસ્થિત રહ્યા ન હતા. બંને નેતાઓ વચ્ચેની વાતચીત આશરે ચાલીસ મિનિટ સુધી ચાલી હતી. બેઠક દરમિયાન આતંકવાદનો મુદ્દો વિસ્તારપૂર્વક ઉઠ્યો હતો. વિદેશ સચિવ રંજન મથાઈએ પત્રકારોને માહિતી આપતા કહ્યુ હતુ કે બંને નેતાઓએ આતંકવાદના મુદ્દા પર વાત કરી છે. આ મુદાના આધાર ઉપર જ



ભારતીય પ્રજા દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિનુ મૂલ્યાંકન કરશે. સિંહે ઝરદારી સમક્ષ કહ્યુ હતુ કે મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરાખોરોની સામે કાર્યવાહી અને પાકિસ્તાનની જમીન પર સક્રિય થઈને ભારતની સામે થઈ રહેલા પ્રવૃતિઓને રોકવાની બાબત અતિ મહત્વપૂર્ણ છે. મથાઈએ કહ્યુ હતુ કે આ સંબંધમાં સિહે પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના સ્થાપક હાફીઝ સઈદની પ્રવૃતિનો ઉલ્લેખ કર્યો હતો. સઈના મુદ્દે ઝરદારીએ કહ્યુ હતુ કે બંને દેશોની સરકારોને આ મામલા પર વધુ વાતચીત કરવાની જરૂર છે. બંને નેતાઓ કહ્યુ હતુ કે ભારત અને પાકિસ્તાનના ગૃહ સચિવ ટુંક સમયમાં મળશે અને આ મુદ્દા પર વાતચીત કરશે. મથાઈના જણાવ્યા મુજબ ઝરદારીએ સિરક્રીક, સિયાચીન અને કાશ્મીર સહિતના ઘણા જટિલ મુદ્દાઓ પર ઉકેલની વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યુ

### મનમોહનસિંહે પાકિસ્તાનની યાત્રાના આમંત્રણને સ્વીકારી લીધું

વડાપ્રધાન મનમોહનસિંહે પાકિસ્તાનની યાત્રા માટેનુ આમંત્રણ સ્વીકારી લીધુ હતુ. સિંહ સપ્ટેમ્બરમાં પાકિસ્તાન જાય તેવી શક્યતા છે. અ અગાઉ પાકિસ્તાનના પ્રમુક ઝરદારીએ મનમોહનસિંહને પાકિસ્તાન આવવાનુ આમંત્રણ આપ્યુ હતુ જે સિંહે સ્વીકાર્યુ હતુ. સિંહે આશા વ્યક્ત કરી હતી કે તેઓ સપ્ટેમ્બરમાં પાકિસ્તાન જઈ શકે છે. વાતચીત અને ઝરદારીની યાત્રાને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામા આવે છે.

હતુ કે મીટિંગ દરમિયાન બંને નેતાઓએ એવો મત વ્યક્ત કર્યો હતો કે સતત આગળ વધવાની જરૂર છે. આ અગાઉ સિંહે કહ્યુ હતુ કે બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને અસરકરનાર મુદ્દાઓનો ઉકેલ શોધવા ઈચ્છુક છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ઝરદારીની સાથે તમામ મુદ્દા ઉપર વાતચીત થઈ છે. વડાપ્રધાને ઉમેર્યુ હતુ કે ઝરદારીની આ ખાનગી યાત્રાનો ઉપયોગ તેઓએ દ્વિપક્ષીય મામલા ઉપર ચર્ચામાટે કર્યો છે. ઝરદારીની આ યાત્રાના પરિણામથી તેઓ સંતુષ્ટ છે. વડાપ્રધાને વેપાર સંબધોને આગળ વધારવા માટે પણ ઈચ્છા વ્યક્ત કરી હતી. દરમિયાન ભારતની એક દિવસની યાત્રા ઉપર આવેલા ઝરદારીનુ શાનદાર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. શાનદાર સ્વાગત કરાયા બાદ વાતચીતનો દોર શરૂ થયો હતો. વાતચીત બાદ બંને નેતાઓએ સંયુક્ત નિવેદનમાં કહ્યુ હતુ કે વાતચીત ખૂબ જ રચનાત્મકર રહી છે. નિવેદન કરવામાં આવ્યુ ત્યારે ઝરાદારીના પુત્ર બિલાવલ બંને નેતાઓ વચ્ચે વાતચીતમાં હાજર હતા.

## હૈદરાબાદમાં કોમી હિંસા બાદ ઘણા વિસ્તારોમાં કર્ફ્યુ લદાયો

હૈદરાબાદ,તા. ૮

હૈદરાબાદમાં સંવેદનશીલ ગણાતા મદનાપેત અને સાઈદાબાદ વિસ્તારમાં આજે અચોક્કસ મુદતની સંચારબંધી લાદી દેવામા આવી હતી. કોમી હિંસા બાદ કર્ફ્યુ લાદવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જુના શહેરમાં જોરદાર પથ્થરમારા અને સ્ટેબીંગના બનાવ બાદ સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મદનાપેત અને સઈદાબાદ વિસ્તારમાં હિંસાના બનાવ બન્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં લેવા સંચારબંધી લાગુ કરી દેવામાં આવી હતી. વધારાના સુરક્ષા જવાનો પણ ગોઠવી



દેવામા આવ્યા છે. આજે સવારે ૭ વાગે હિંસાની શરૂઆત થઈ હતી. સ્થાનિક લોકો ધાર્મિક સ્થળ નજીક માંસનો જથ્થો મળી આવ્યા બાદ નારાજ થયા હતા. જેથી બે સમુદાયના લોકો આમને સામને આવી ગયા હતા. સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. નારાજ થયેલા લોકોએ બસો ઉપર પથ્થરમારો કર્યો હતો. બે વાહનોને આગ પણ ચાપી દીધી હતી. સ્ટેબીંગના બે બનાવો બન્યા હોવાના અહેવાલ મળ્યા છે. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે સ્થિતિ હવે સંપૂણપણે કાબૂમાં છે. હિંસાને રોકવા માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે.

## ઈટાલિયનની મુક્તિ પૂર્વે માઓવાદીઓ આક્રમક

રાંચી,તા. ૮

ઈટાલિયન નાગરિકની મુક્તીને લઈને હાલ સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. ત્રણ સપ્તાહ અગાઉ અપહરણ કરવામાં આવેલા ઈટાલિયન નાગરિક પાઉલોની મુક્તિના પ્રયાસ થઈ રહ્યા છે. પરંતુ ઈટાલિયન નાગરિકની મુક્તિ અંગે હવે વધુ ગૂંચવણ ઉભી થઈ ગઈ છે કારણ કે માઓવાદીઓએ સ્પષ્ટીકરણની માંગણી કરી છે. માઓવાદીઓએ કહ્યુ છે કે કેટલાક માઓવાદીઓને છોડવામાં આવી રહ્યા છે અને તેની ૧૩ માંગણી પૈકીની કેટલી માંગણી સ્વીકારવામાં આવનાર છે તે અંગે ખુલાસો કરવા ઓરિસ્સા સરકારને સુચના આપવામાં આવી છે. માઓવાદી લીડર પાંડાએ મીડિયા સમક્ષ વધુ એક ઓડિયો મેસેજ મોકલ્યો છે જેમા દાવો કરવામાં આવ્યો છે કે ૭ લોકોને છોડવાની માંગણી કરવામાં આવી છે. પરંતુ સરકારે અગાઉ હને છોડવાની તૈયારી બતાવી હતી. પરંતુ હવે પાંચને છોડવાની વાત થઈ રહી છે. બીજીબાજુ બીજેડીના ધારાસભ્ય ઝીણા હિક્કાના ભાવિને લઈને સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. પાંડાએ માંગણી કરી છએ કે કેટલી માંગણી સ્વીકાવામાં આવી છે તેઅંગે વિસ્તૃત માહિતી મળે તે જરૂરી છે. ગૂંચવણ ભરી સ્થિતિના કારણે પાઉલોની મુક્તિ આડે અડચણો ઉભી થઈ છે.

## શિવરાજ સિંહના આવાસ પર નોટ ગણવાના મશીનો


ભોપાલ,તા. ૮

કોંગ્રેસના વિવાદાસ્પદ નેતા દિગ્વિજય સિંહે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ ઉપર સનસનાટીપૂર્ણ આક્ષેપો કર્યા છે કે દિગ્વિજય સિંહે કહ્યુ છે કે ચૌહાણના આવાસ ઉપર હાલના સમયમાં નોટની ગણતરી કરતી ત્રણ મશીન છે. તેમણે કહ્યુ છે કે આ મશીન મુખ્યમંત્રીના પગારની ગણતરી કરવા માટે મુકવામાં આવ્યા નથી. દિગ્વિજય સિંહે કહ્યુ છે કે શિવરાજ સિંહ ચૌહાણ મધ્ય પ્રદેશના ઈતિહાસમાં સૌથી ડરપોક મુખ્યમંત્રી સાબિત થયા છે. ચૌહાણ મુખ્યમંત્રી બન્યાને પાંચ વર્ષથી પણ વધુ સમયાગાળો થઈ ગયો છે પરંતુ શિવરાજ સિંહે હજુ સુધી એક પણ સત્તાવાર પત્રકાર પરિષદનુ આયોજન કર્યુ નથી. દિગ્વિજય સિંહે કહ્યુ છે કે તેઓને ગણી બધી બાબતો આશ્ચર્ય નજક લાગે છે. ચૌહાણથી પહેલા જેટલા પણ મુખ્યમંત્રી આવ્યા છે. તે તમામ મુખ્યમંત્રીઓએ પત્રકાર પરિષદને નિયમિત રીતે સબોંધી છે. પરંતુ ચૌહાણે એક પણ વખત પત્રકાર પરિષદનુ આયોજન કર્યુ નથી. તેમણે ઉમેર્યુ હતુ કે તે પોતે પણ દસ વર્ષ સુધી મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી હતા અને તમામને આ અંગે માહિતી છે કે તેઓ નિયમિત રીતે મીડિયા સાથે વાતચીત કરતા હતા. દિગ્વિજય સિંહના આક્ષેપો અંગે ભાજપે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. દિગ્વિજયના આક્ષેપોના સંબધમાં ભાજપ જવાબ આપે તેવી વકી છે.

## સ્ટાર યુવરાજ આજે સ્વદેશ પરત ફરશે

નવી દિલ્હી,તા. ૮

કેન્સરની સારવાર કરાવી ચુકેલા સ્ટાર ભારતીય બેટ્સમેન યુવરાજ સિંહ સ્વદેશ પરત ફરવા માટે ઉત્સુક છે. યુવરાજ સિંહ આવતીકાલે લંડનથી વાપસીની ફલાઈટ પકડશે. હાલમાં લંડનમાં આરામ કરી રહેલા યુવરાજ સિંહે આજે સવારે સોશિયલ નેટવર્કીંગ સાઈટ ટ્વીટર ઉપર પોતાના લાખો ચાહકોને માહિતી આપતા જણાવ્યુ છે કે આખરે એ દિવસ આવી ગયો છે જ્યારે તે પોતાના ઘરે પરત ફરી રહ્યો છે. તે ખૂબ જ ઉત્સુકતા પૂર્વક પોતાના મિત્રો અને પરિવારને મળવાની રાહ જોઈ રહ્યો છે. યુવરાજે મેરા ભારત મહાન કહીને લોકોના દિલ જીતી લીધા છે. ગયા જાન્યુઆરી મહિનામાં સારવાર માટે અમેરિકાના બોસ્ટન હોસ્પિટલમાં તે પહોંચ્યો હતો. યુવરાજના વાળ કેમોથેરાપીના કારણે જતા રહ્યા હતા. યુવરાજે વાળ વગરના પોતાનાફોટા પણ ઈન્ટરનેટ ઉપર અપલોડ કર્યા હતા. યુવરાજે આ સંબંધમાં કહયુ હતુ કે કેમોથેરાપીના કારણે તેના માથામાંથી વાળ જતા રહ્યા છે. માર્ચ મહિનામાં



યુવરાજ સિંહને હોસ્પિટલમાંથી રજા આપી દેવામા આવી હતી. ત્યારબાદથી તે લંડનમાં પોતાના મિત્રના ત્યા રોકાયેલો હતો. ક્રિકેટ મેદાનથી છેલ્લા ઘણા મહિનાઓથી દૂર રહેલા યુવરાજે ટ્વીટર ઉપર સતત સક્રિય રહ્યો છે. એમ માનવામાં આવે છે કે સ્વેદશ પરત ફરતાની સાથે જ યુવરાજ પોતાની ભાવિ યોજનાઓ અંગે અને સારવારના મામલામાં મીડિયાને માહિતી આપશે. અલબત્ત આગામી થોડા મહિના સુધી યુવરાજ મેદાન પર પરત ફરે તેવી સંભાવના ઓછી દેખાઈ રહી છે. પરંતુ આ વર્ષના અંત બાદ અથવા તો આ વર્ષના અંત સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી શકે છે. તાજેતરમાં સારવાર અર્થે લંડન ગયેલા માસ્ટરબ્લાસ્ટર સચિન તેંડુલકરે યુવરાજ સિંહ સાથે વાતચીત કરી હતી અને તેને મળ્યો પણ હતો. ત્યાર બાદ યુવરાજે સચિન સાથે પોતાના ફોટા અપલોડ કર્યા હતા. આ અગાઉ અનિલ કુંબલે પણ યુવરાજને મળવા માટે અમેરિકા ગયો હતો. યુવરાજ પરત ફરી રહ્યો છે. ત્યારે લાખો ક્રિકેટ ચાહકોમાં ખુશીનો મોજુ ફરી વળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે યુવરાજે ભારતને વિશ્વકપ અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી તે વિશ્વકપમાં મેન ઓફ ધ સિરીજ બન્યો હતો.

## વિકાસ-ભ્રષ્ટાચાર એક સિક્કાનાં બે પાસાઓ છે

મુંબઈ,તા. ૮

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે આજે કહ્યુ હતુ કે પહેલા સ્થાનીય સ્તરે ફેરફાર અતિ જરૂરી છે. લોકોને દેશને બદલી નાંખવા અંગે વિચાર કરતા પહેલા પોતાના વિસ્તારમાં ફેરફાર જરૂરી છે. હજારે કહ્યુ હતુ કે પોતાના વિસ્તારમાં ફેરફાર કરીને આગળ વિચારવુ જોઈએ. દેશમાં ફેરફાર પહેલા નાના નાના વિસ્તારોમાં ફેરફાર જરૂરી છે. અહમદનગર જિલ્લાના રાલેગણ સિદ્ધી ગામના નિવાસી અણ્ણાએ પોતાના ગામમા કહ્યુ હતુ કે અગાઉ લોકો ભોજન, પાણી અને અન્ય સુવિધા વગ સુઈ જતા હતા. પરતુ હવે ચારેબાજુ સમુદ્ધી જોવા મળી છે. અણ્ણાએ રાજકીય નિષ્ણાંતોની સંખ્યામાં ઘટાડા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે ચુંટણી દરમિયાન મોટી વાત થાય છે. તેમણે ઉમેર્યુ હતુ કે રાજકારણમાં હવે એવા લોકો ઓછા છે કે જે માને છે કે ભારત આગળ વધશે.

## હિમોગ્લોબિનના ટેસ્ટ માત્ર પાંચ રૂપિયામાં થઈ જશે

નવી દિલ્હી,તા. ૮

ભારતના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ ખૂબ જ કંગાળ હાલતમાં છે. ગ્રામીણ વિસ્તારોમાં અને ખાસ કરીને દૂરગામી વિસ્તારોમાં હાલત આનાથી પણ કફોડી છે. આવા વિસ્તારોમાં સારવાર વગર હજારો લોકોના મોત થઈ જાય છે. ભારતમાં મોટી સંખ્યામાં મહિલાઓ એનીમિયાનો શિકાર થાય છે. એનીમિયા યાને લોહીની અછત. અડધાથી વધુ મામલાઓમાં દર્દીઓ આયરનની દવાઓથી ઠીક થઈ જાય છે. પરંતુ સારવાર વાગર આ બિમારી ખતરનાક સ્વરૂપ ધારણ કરી લેશે. ખાસ કરીને સગર્ભા મહિલાઓ વધુ મુશ્કેલીમાં ફસાઈ જાય છે. મેસાચુસેટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના મિસકીન ઈગ્વલે આ સમસ્યાને ઉકેલવામાં સફળતા મેળવી છે. સગર્ભા મહિલાઓની મોતના મોટાભાગના મામલોઓમાં એનીમિયા મુખ્ય કારણરૂપ છે. તેમણે કહ્યું છે કે એક એવી સિસ્ટમ શોધી લેવામાં આવી છે જેનાથી હવે હિમોગ્લોબિનની ચકાસણી માત્ર પાંચ રૂપિયામાં થઈ શકશે. હિમોગ્લોબિનની ચકાસણી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

આ નવા સાધનનું નામ પલ્સઓક્સિમીટર રાખવામાં આવ્યું છે. આ ટેકનીક મારફતે દર્દીના શરીરમા કોઈપણ પ્રકારના ઈન્જેક્શન અથવા તો સર્જરી કર્યા વગર હિમોગ્લોબિનની ચકાસણી કરવામાં આવે છે. દર્દીની આંગળીમાં કલીન મુકવામાં આવે છે જે મશીન સાથે સંકળાયેલી રહે છે. આ પ્રકારના સાધનથી આરોગ્ય કર્મી ઈન્જેક્શન વગર સરળતાથી લોહીના ટેસ્ટ કરી લેશે. આ ઉપરાંત ચકાસણી મારફતેજરૂરી અન્ય સાધનોની તકલીફ પણ દૂર થશે. આ નાનકડા સાધનની ઉપયોગીતા ભારતમાં આગામી દિવસોમાં વધી શકે છે. નવા સાધનનું નામ ટચ એચબી રાખવામાં આવ્યુંછે. જે દર્દીની આંગળીના પરિક્ષણથી માહિતી મેળવી લેશે.

આ સાધન એક મિનિટમાં એનીમિયાની માહિતી મેળવી લેશે હાલમાં આ સાધનના પરિક્ષણ દક્ષિણ ભારતમાં કરવામાં આવી રહ્યા છે. એવી આશા છે કે વર્ષના અંત સુધી આ સાધન બજારમાં ઉપલબ્ધ થશે. ટચ એચબીની કિમત માત્ર ૨૦૦થી ૩૦૦ રૂપિયા વચ્ચે હશે. લોહીની ચકાસણી માટે દર્દી પાસેથી માત્ર પાંચ રૂપિયા લેવામાં આવશે. સગર્ભા મહિલાઓને દર ત્રણ મહિનામાં હિમોગ્લોબિન ટેસ્ટ કરાવવાની સલાહ આપવામાં આવે છે.

# સાજીદ ખાનની 'હાઉસફુલ-૨' - હાઉસ ઓફ ફૂલ !!!

ધ્યાનથી વાંચજો... રીશીકપૂર (ચિન્ટુ) અને રણધીર કપૂર (ડબ્બુ) (બંનેના રિયલ પૅટ નૅમ) સૌતેલા ભાઈઓ છે. બંને એકબીજાને પછાડવામાં પડ્યા છે. બંને ઈચ્છે કે તેમની દીકરીઓ કોઈ માતેલુજારના દીકરાને જ પરણે. મેરેજ બ્યુરોવાળો ચન્કી પાંડે (આખરી પાસ્તા) એક યુવાન શ્રેયસ તલપડે (જય) ના પિતા વિરેન્દ્ર સકસેનાને લઈને ચિન્ટુ પાસે જાય છે. ચિન્ટુ તેમનું અપમાન કરીને કાઢી મૂકે છે. બસ થઈ રહ્યું... શ્રેયસ તલપડે પોતાના પિતા સાથે થયેલી બદસલૂકીનો બદલો લેવા પોતાના મિત્ર રિતેશ દેશમુખ (જવાલા - ઉર્ફે જૉલી) ની મદદ માગે છે. રિતેશ દેશમુખ લંડનના માલેતુજાર મિથુન ચક્રવર્તી (જે.ડી.) નો દીકરો છે. ચિન્ટુને પાઠ ભણાવવા તે રિતેશને ચિન્ટુની દીકરી અસીન થોટ્ટુમકલ (હીના) સાથે પ્રેમનું નાટક કરવા વિનંતી કરે છે. રિતેશ દેશમુખ પોતાને બદલે પહેલાં જહૉન અબ્રાહમ (મેક્સ) અને પછી અક્ષયકુમાર (સની) ને આ પેંતરામાં જોડાવા વિનંતી કરે છે. જહૉન અબ્રાહમ ભૂલથી ચિન્ટુને બદલે ડબ્બુના ઘરમાં પહોંચી જાય છે, જ્યાં તે ડબ્બુની દીકરી જૅકવેલીન ફર્નાન્ડીઝ (બૉબી) ના પ્રેમમાં પડવાનું નાટક કરે છે. જહૉન અબ્રાહમ ડબ્બુના ઘરમાં ફસાય છે એટલે શ્રેયસ તલપડે અને રિતેશ દેશમુખ અક્ષયકુમારને ચિન્ટુના ઘરમાં મોકલે છે. જ્યાં તે અસીન સાથે પ્રેમનું નાટક કરે છે. આ બંને મિથુન ચક્રવર્તીના - જેડીના - માલેતુજારના દીકરા તરીકે ડબ્બુ - ચિન્ટુના ઘરમાં પ્રવેશે છે. ડબ્બુ-ચિન્ટુ પોતાને માલેતુજાર જમાઈઓ મળ્યા હોવાનું માને છે.

આ તરફ મિથુન ચક્રવર્તી પોતાના દીકરા રિતેશ દેશમુખને ગુજરાતી બટુક પટેલ (બૉમન ઈરાની) ની દીકરી શાઝાહ્ન પદમશી (પારૂલ) સાથે પરણાવવાનું વચન આપી બેઠા છે. તો શાઝાહ્ન પદમશી પહેલાંથી શ્રેયસ તલપડેનાં પ્રેમમાં છે. તો વળી રિતેશ દેશમુખ વળી મૉડેલ ઝરીન ખાન (જૅલો)નાં પ્રેમમાં છે. ડબ્બુ અને ચિન્ટુ અક્ષય કુમાર અને જહૉનને જેડીનો દીકરો જૉલી સમજે છે. બૉમન ઈરાનીને એવું ઠસાવવામાં આવે છે કે શ્રેયસ તલપડે જેડીનો દીકરો જૉલી છે. આ બધા કુલ ૧૨ જણા ઈન્ટરવલ સુધીમાં જેડીનાં ઘરમાં પહોંચી જાય છે. 'હાઉસ ફૂલ' થઈ જાય છે. પછી કોણ - કોનું - શું છે નો પકડ દાવ ચાલે છે... આ પકડ દાવ એટલે ફિલ્મ 'હાઉસ ફુલ-૨, ધી ડર્ટી ડઝન.'

કંઈ સમજણ પડી? ન પડી હોય તો બીજી વખત વાંચીને બહુ તકલીફ ન લેતા. ફિલ્મ જોશો તો પણ સમજણ પડશે જ એવી ગેરન્ટી નથી!


ચાર પિતા, ચાર દીકરી




અને ચાર જમાઈ; એમ કુલ એક ડઝન કલાકારો ઉપર ચંકી પાંડે, રણજીત અને જહૉની લીવર તથા વધારામાં અનારકલી - મલૈકા અરોરા ખાન - એમ કુલ સોળ-સોળ અભિનેતા - અભિનેત્રીઓનો શંભુમેળો ભેગો કરીને નિર્માતા સાજીદ નડિયાદવાલા અને દિગ્દર્શક સાજીદ ખાને પ્રેક્ષકોના બરડે સોળ ઊઠી આવે એવી ફિલ્મ બનાવી છે. ફિલ્મની વાર્તા પણ નિર્માતા સાજીદ નડિયાદવાલાએ જ લખી છે. આવી વાર્તા પરથી ફિલ્મ બનાવવાની હિંમત બીજું તો વળી કોણ કરે!?

ફારસ કે પ્રહસન જેવી




ફિલ્મને 'કૉમેડી' માં ખપાવવાનો પ્રયાસ થયો છે. ફરહાદ અને સાજીદે લખેલા સંવાદો સારા કરી શકાય કે તેનાથી કયારેક ચહેરા પર સ્મિત આવે ખરું પરન્તુ વાર્તામાં એક પણ સિચ્યુએશન નથી કે જ્યાં પ્રેક્ષકોને હસવાની તક મળે. અક્ષયકુમાર, શ્રેયસ તલપડે, બૉમન ઈરાની, અસીન, રીશી-રણધીર જેવા કલાકારોના નામે અને અગાઉની 'હાઉસફૂલ' ની શાખે પ્રેક્ષકો હસવાની પુરી તૈયારી અને માનસિકતા સાથે 'હાઉસ' માં દાખલ થયા હોય તો પણ માત્ર પરાકાષ્ટાના એકાદ સીન સિવાય પ્રેક્ષકોને હસવાની એક પણ તક દિગ્દર્શક સાજીદ ખાને આપી નથી.

એકેએક અભિનેતા અને રૂપાળી અભિનેત્રીઓની ભૂમિકા અને અભિનય એવા છે કે તેમને જોઈને હસવું તો ન જ આવે ઉપરથી તેઓ હાસ્યાસ્પદ લાગે!

'હાઉસફુલ-૨' ના બીજા બધા પાસાઓની સરખામણીમાં સંગીતનું પાસુ સાવ થોડું સારું કહી શકાય, જેની તમામ ક્રેડિટ 'અનારકલી ડિસ્કો ચલી...' ને ફાળે જાય છે. મમતા શર્મા અને સુખવિન્દર સિંઘે ગાયેલું આ ગીત મુન્ની - મલૈકા અરોરા ખાનના આઈટમ ડાન્સને કારણે વધારે પડતી પબ્લિસિટીને પ્રતાપે લોકપ્રિય થયું છે. બાકી નિરજ શ્રીધર, સચીન પંડિત અને પિન્ટુએ ગાયેલું 'પાપા તો બૅન્ડ બજાયે...' અને શાન-શ્રેયા ઘોષાલે ગાયેલું 'દૂ યુ નો...' સિનેમા હૉલમાં જ સાંભળવા ગમે તેવા છે. સાજીદ-વાજીદનું સંગીત થોડા સમય સુધી ગૂંજતું રહેશે.

ફિલ્મી સ્ટૉરીને સ્કીન પ્લે એ સરળ બનાવવાને બદલે વધારે અટપટી બનાવી દીધી છે. દિગ્દર્શક સાજીદ ખાને જ તુષાર હિરાનંદાણી અને સંવાદ લેખક ફરહાદ-સાજીદ સાથે મળીને સ્કીન પ્લે લખ્યો છે, જે ફિલ્મનો ફલૉ ખોરવી નાખે છે.

'હાઉસફુલ-૨' લંડન અને પીટરબર્ગમાં ફિલ્માવવામાં આવી છે. સિનેમેટોગ્રાફર - કૅમેરામેન મનોજ સોનીએ સારું કેમેરા વર્ક કરીને ફિલ્મને ફ્રેશ લૂક આપ્યો છે. પરન્તુ ફિલ્મની વાર્તા અને દશ્યોની રચના એટલી વાસી છે કે કૅમેરાની આંખે દેખાતી તાજગી પણ પ્રેક્ષકોને સ્પર્શતી નથી. ફિલ્મના ક્રિએટીવ હેડ રાકેશ મધોત્રાએ ફિલ્મને નવો લૂક આપવાનો પ્રયત્ન કર્યો છે. પરન્તુ આટલાથી રિઝે તેમ નથી.

'હાઉસફૂલ-૨' થોડી વલ્ગારીટી અને ચીપ કહી શકાય એવા દશ્યોથી પણ 'ફુલ' છે. અજગરવાળા દશ્યમાં દિગ્દર્શક સાજીદ ખાન હદ વટાવી જાય છે. કૉમેડીના નામે સૅન્સર બોર્ડ પણ કેટલી હદે ચલાવી લે છે તે વિચારીને આશ્ચર્ય થાય અને આંચકો પણ લાગે.

'હાઉસફૂલ-૨' - ધી ડર્ટી ડઝનમાં સાજીદની જ ફરમાર છે. ફિલ્મના નિર્માતા સાજીદ નડિયાદવાલા, ફિલ્મના દિગ્દર્શક સાજીન ખાન, સંવાદ લેખનમાં ફરહાદ સાથે સાજીદ અને સંગીતકાર તરીકે પણ વાજીદ સાથે સાજીદ. ધી ડર્ટી ડઝન સાથે પા ડઝન તો 'સાજીદ' છે. આટલા બધા કલાકારો અને આટલા બધા સાજીદોએ પ્રેક્ષકોને સાજા રહેવા જ નથી દીધા. 'કૉમેડી' જોવા ગયેલા પ્રેક્ષકોને જોઈને ટ્રેજેડી અનુભવાય છે. 'હાઉસફૂલ-૨' માં સિનેમાઘરો 'ફુલ' થાય એવી સંભાવનાઓ તો નથી જ નથી, પરન્તુ જે પ્રેક્ષકો સિનેમા હાઉસ સુધી પહોંચી ગયા છે. તેઓ પોતાને 'ફૂલ' અનુભવવા માંડે છે. બાકી સાજીદખાનની 'હાઉસફૂલ-૨' હાઉસ ઑફ ફૂલ!!!